# ગૃહના તેવર બાદ ઈકો સેલમાં ભૂકંપ

**CP વાબાંગ જમીરનો ૧૦-૧૦ કલાક કામગીરીનો વ્હીપ**

**'તોડબાજી' કરવા માટે કુખ્યાત બનેલી આખી સિન્ડિકેટનો સફાયો બોલી ગયો છે**



સુરત : ગૃહ મંત્રાલયની લાલ આંખ બાદ ઈકોનોમિક ઓફેન્સિસ સેલ (EOW)માં ફફડાટ ફેલાયો છે. અત્યાર સુધી અરજીઓ દબાવી રાખીને મંથર ગતિએ કામ કરવા અને 'તોડબાજી' કરવા માટે કુખ્યાત બનેલી આખી સિન્ડિકેટનો સફાયો બોલી ગયો છે.

પોલીસ કમિશનર વાબાંગ જમીર દ્વારા સ્ટાફને દિવસના ૧૦-૧૦ કલાક સતત કામગીરી કરવા માટે કડક આદેશ આપી દેવામાં આવ્યા છે.

### જૂની-નવી તમામ ફાઈલોનું રી-વેરિફિકેશન

હાલમાં ઇકોનોમિક સેલમાં સંખ્યાબંધ કરોડો રૂપિયાની આર્થિક છેતરપિંડી અને ચીટિંગના કેસો પેન્ડિંગ પડ્યા છે. પોલીસ કમિશનરના આદેશ બાદ હવે માત્ર પેન્ડિંગ ફાઈલો જ નહીં, પરંતુ અગાઉ શંકાસ્પદ રીતે ઉતાવળે કે 'ગોઠવણ' કરીને નિકાલ કરી દેવાયેલી જૂની ફાઈલોનું પણ નવેસરથી રી-વેરીફિકેશન શરૂ કરવામાં આવ્યું છે. જેથી કોઈ પણ સામાન્ય કે ભોગ બનનાર અરજદાર-વેપારી અન્યાયનો ભોગ ન બને અને દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય.

### વિવાદિત વકીલો માટે કાયમી 'તાળા'

આ આખી સફાઈ ઝુંબેશમાં સૌથી મોટો ધડાકો જોઈન્ટ પોલીસ કમિશનર કરણસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે જાતે જ ઇકોનોમિક સેલની ઓફિસનો હવાલો પોતાના હાથમાં લઈ લેતાં ભ્રષ્ટાચારના મૂળિયાં હચમચી ગયાં છે. સેલમાં અરજીઓના સેટલમેન્ટ અને વચેટિયાગીરીના નામે અડ્ડો જમાવીને બેસતી કહેવાતા લેભાગુ અને વિવાદિત વકીલોની ટોળકીને ઓફિસમાં પગ મૂકવા પર જ કડક ચેતવણી આપી દેવાઈ છે. આ કડકાઈના કારણે વિવાદિત વકીલો માટે હાલ પૂરતા તો ઇકોનોમિક સેલમાં પ્રવેશવા પર પરમેનન્ટ 'તાળા' લાગી ગયા છે. ઇકોનોમિક સેલમાં 'પ્રવેશબંધી' થતાં અને તપાસમાં કડકાઈ આવતાં જ ચોક્કસ વિવાદિત વકીલો અને લેભાગુ તત્ત્વોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મામલો પોતાના હાથમાંથી સરકી રહ્યો હોવાનું જણાતાં કેટલાક વિવાદિત વકીલો હવે સમગ્ર વિવાદને લઈને સીધા પોલીસ કમિશનર વાબાંગ જમીરને મળવા માટે ધમપછાડા કરી રહ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે.

## કાપડ માર્કેટમાં પોલીસ સ્ટેશનના 'રિનોવેશન'ના નામે લૂંટ

**કામ પૂર્ણ થયું છતાં 'મેસ અને ક્રિકેટ ગ્રાઉન્ડ'ના ઉઘરાણીનો પર્દાફાશ**

સુરતઃ ટેક્સટાઇલ માર્કેટ વિસ્તારને અડીને આવેલા અને કમાઉ દીકરા ગણાતા એક પોલીસ સ્ટેશનમાં અગાઉના અધિકારીઓએ તમામ સુવિધાઓ તૈયાર કરી દીધી હોવા છતાં, છ મહિના પહેલાં ગોઠવાયેલા નવા પોલીસ ઈન્સ્પેક્ટરે રિનોવેશન અને ગ્રાઉન્ડ લેવલિંગના નામે આખેઆખા કાપડ બજારને બાનમાં લઈ લાખો રૂપિયાનું તોતિંગ રોકડ ઉઘરાણું કરી નાંખ્યાની વિગતો બહાર આવતાં વેપારી આલમમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

અગાઉ ફરજ બજાવી ગયેલા પીઆઈ વિક્રમ દેસાઈ સહિત બે પીઆઈએ અંગત રસ દાખવીને મોટા ભાગની કામગીરી સુપેરે પૂર્ણ કરાવી હતી. ખાસ કરીને ફરજ પર તૈનાત સામાન્ય અને ગરીબ કોન્સ્ટેબલોને સમયસર પૌષ્ટિક ભોજન મળી રહે તેવા ઉમદા હેતુથી પોલીસ મેસનું નિર્માણ કરાયું હતું અને જરૂરી ખર્ચ પણ આટોપી લેવાયો હતો. આમ છતાં નવા પીઆઈએ ચાર્જ સંભાળતાની સાથે જ ફરી એ જ મેસના આધુનિકીકરણ, ગ્રાઉન્ડ લેવલિંગ અને ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાના બહાના હેઠળ કાપડ માર્કેટમાંથી નવેસરથી વસૂલાત શરૂ કરાવી દીધી હતી. જે કામગીરી અગાઉ પતી ચૂકી હતી, તેના જ નામે ફરીથી લાખો રૂપિયાનું ઉઘરાણું કરાતાં સમગ્ર મામલો શંકાના દાયરામાં આવી ગયો છે.

નવા પીઆઈએ પગ મૂકતાં જ પોતાના માનીતા 'કેશિયરો'ની ફોજને માર્કેટમાં દોડાવી દીધી હતી. જે વેપારી સામે કોઈ નાની-મોટી અરજી હોય કે પેમેન્ટ વિવાદ ચાલતો હોય, તેમને ટાર્ગેટ બનાવી 'સાહેબને સ્ટેશન ચમકાવવું છે અને ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવું છે' કહીને સીધા દબાણ હેઠળ લાખો રૂપિયાના બોક્સ ખંખેરી લેવાયા. કોઈ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કે બેંકિંગ ચેનલ નહીં, તમામ નાણાં થેલા ભરીને રોકડેથી ઉઘરાવવામાં આવ્યા હતા.



## દશેરાની યાત્રા માટે અંબાજી મંદિરના ચાર રથની સફાઈ શરૂ

**ચાર પૈકી એક રથ 400 કિલો ચાંદીની માતાજીની મૂર્તિ ધરાવે છે**

સુરતઃ મંદિરના મહારાજ કીર્તન ગોસ્વામીએ જણાવ્યું હતું કે જૂના અંબાજી મંદિર દ્વારા દશેરાના દિવસે પરંપરા મુજબ કુલ ચાર રથ કાઢવામાં આવે છે. સૌ પ્રથમ દૂધ રથ જેમાં દૂધના ટીપા રસ્તા પર પડતાં હોય છે. ત્યારબાદ માટલી રથનું પ્રસ્થાન થાય છે. માટલી રથની પરંપરા વિશેષ મહત્વ ધરાવે છે. આસપાસના વિસ્તારોમાં માતાજીના નવ દિવસ ગરબા રમ્યા બાદ ભક્તો માટલીઓ લઈને આવે છે અને આ રથમાં મૂકે છે. ત્યારબાદ રથ વિવિધ વિસ્તારોમાં ફરીને તાપી નદીના કિનારે પહોંચે છે, જ્યાં માટલીઓનું વિસર્જન કરવામાં આવે છે.આ બંને રથ બાદ ત્રીજા ક્રમે લાકડાનો રથ હોય છે જેમાં માં દુર્ગાની મુર્તિને રથમાં વિરાજમાન કરાવામાં આવે છે, જ્યારે ચોથો રથ ચાંદીનો હોય છે. આ રથમાં માં અંબાની આશરે 400 કિલોગ્રામ વજનની ચાંદીની મૂર્તિ બિરાજમાન કરવામાં આવે છે.

ત્યારબાદ આ રથને શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફેરવવામાં આવે છે. રથના આગમન સાથે ભક્તો માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવે છે.દશેરાના પર્વને ધ્યાનમાં રાખીને ચારેય રથોની સાફ સફાઈ કરવામાં આવી રહી છે.

**મનપાના પ્લોટમાંથી માટી ચોરીમાં તંત્રની ગંભીર બેદરકારી**

## ભેસ્તાનમાં ૩૦૦૦ ગાડી માટીની ચોરી, દોઢ કરોડનું નુકસાન

**રૂપિયા ૫૦ લાખના દંડ સામે રૂપિયા ૫ લાખમાં સેટિંગની ચર્ચા!**

**ચાર વર્ષથી ભૂસ્તરશાસ્ત્રીની જગ્યા ખાલી, મેટ્રો સહિતના મોટા પ્રોજેક્ટો વચ્ચે માટી ચોરોને મોકળું મેદાન**

### શહેરમાં અનેક મોટા પ્રોજેક્ટોની માટી પણ બારોબાર સગેવગે થઈ રહ્યાના આક્ષેપ

સુરતમાં છેલ્લા ચાર વર્ષથી ભૂસ્તરશાસ્ત્રીની જગ્યા ખાલી હોવાનો મુદ્દો પણ હવે ચર્ચાના કેન્દ્રમાં છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં મેટ્રો પ્રોજેક્ટ, મહાનગરપાલિકાનાં વિવિધ વિકાસકાર્યો તથા ખાનગી બાંધકામ પ્રોજેક્ટો મોટા પાયે ચાલી રહ્યા છે. આવા સંજોગોમાં માટી અને ખનિજના ખોદકામ, પરિવહન તથા રોયલ્ટીની વસૂલાત પર અસરકારક દેખરેખ અનિવાર્ય છે. પરંતુ મહત્વપૂર્ણ જગ્યા લાંબા સમયથી ખાલી રહેતી હોય અને દેખરેખની વ્યવસ્થા નબળી હોય, તો ગેરકાયદે ખનન કરનારાઓને મોકળું મેદાન મળવાની આશંકા નકારી શકાય નહીં.

સુરત : સુરત મહાનગરપાલિકાના ભેસ્તાન સ્થિત પ્લોટમાંથી અંદાજે ત્રણ હજાર ગાડી માટીની ચોરી થઈ હોવાનો મામલો સામે આવતાં વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આશરે દોઢ કરોડ રૂપિયાની માટી ચોરીના આક્ષેપ વચ્ચે રૂપિયા ૫૦ લાખના સંભવિત દંડ સામે માત્ર રૂપિયા ૫ લાખમાં મામલો પતાવી દેવા માટે સેટિંગ થયાની ચર્ચાએ વિવાદને વધુ ઘેરો બનાવ્યો છે.

સુરત શહેરમાં સરકારી જમીન અને કુદરતી સંપત્તિની સુરક્ષાની જવાબદારી જેમના શિરે છે, એ જ તંત્રની દેખરેખ હેઠળ મનપાના પ્લોટમાંથી મોટા પાયે માટી ચોરી થઈ હોવાનો મામલો વહીવટી બેદરકારીનું ગંભીર ઉદાહરણ બની રહ્યો છે. ભેસ્તાનના પ્લોટમાંથી સરકારી તિજોરીને કરોડો રૂપિયાના નુકસાનનો અંદાજ વ્યક્ત થઈ રહ્યો છે. મામલામાં સૌથી ગંભીર ચર્ચા ભૂસ્તર વિભાગની કચેરીની કામગીરી અંગે થઈ રહી છે. અંદાજે રૂપિયા ૫૦ લાખના દંડની સામે માત્ર રૂપિયા ૫ લાખમાં મામલો પતાવી દેવા માટે સેટિંગ થયું હોવાની ચર્ચા છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ અને દંડની વાસ્તવિક ગણતરી અંગે સ્પષ્ટતા જરૂરી છે.

જો આ ચર્ચામાં તથ્ય હોય, તો તે માત્ર વહીવટી બેદરકારી નહીં, પરંતુ સરકારી આવકને નુકસાન પહોંચાડતા ગંભીર કૃત્યનો વિષય બની શકે છે. સુરત મહાનગરપાલિકાની માલિકીના પ્લોટમાંથી આટલા મોટા પ્રમાણમાં માટીનું ખનન થતું રહ્યું હોવા છતાં લાંબા સમય સુધી તંત્રને તેની જાણ ન થઈ હોવાની બાબત અનેક સવાલો ઊભા કરે છે.

## નવી સિવિલમાં વિદ્યાર્થિનીના જડબામાંથી તબીબોએ ગાંઠ કાઢી

**ખાનગી હોસ્પિટલમાં રૂ.50 હજારનો ખર્ચ થાત, નવી સિવિલમાં વિનામૂલ્યે સર્જરી થતાં શ્રમજીવી પરિવારને મોટી રાહત**

સુરતઃ મહારાષ્ટ્રના નંદુરબારની 22 વર્ષીય નર્સિંગ વિદ્યાર્થિનીના જડબામાં દાંત સાથે ગાંઠ થતાં તેને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો હતો. સુરતની નવી સિવિલ હોસ્પિટલના દાંત અને ઈએનટી વિભાગના તબીબોએ સંયુક્ત પ્રયાસોથી લગભગ 3થી 4 કલાક સુધી સર્જરી કરીને 6 બાય 5 સેન્ટિમીટરની ગાંઠ સફળતાપૂર્વક દૂર કરી હતી. ખાનગી હોસ્પિટલમાં આ સર્જરી પાછળ અંદાજે રૂ.50 હજારનો ખર્ચ થાત, પરંતુ સિવિલમાં વિનામૂલ્યે સારવાર મળતાં શ્રમજીવી પરિવારને મોટી રાહત મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના અક્કલકુવા તાલુકાના મોગરા ગામની રહેવાસી 22 વર્ષીય રવિતા અરજી વસાવે ઔરંગાબાદની નર્સિંગ કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. આશરે ત્રણથી ચાર મહિના પહેલાં તેના તાળવાના ભાગમાં દાંત સાથે ગાંઠ થઈ હતી. શરૂઆતમાં તેને સારવાર માટે સ્થાનિક સરકારી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જોકે, વધુ સારવારની જરૂર જણાતાં ઓક્ટોબર મહિનામાં તેને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિટલના દાંત વિભાગના વડા ડો. ગુણવંતભાઈ પરમાર અને ઈએનટી વિભાગના વડા ડો. જૈમીન કોન્ટ્રાક્ટરના માર્ગદર્શન હેઠળ તબીબોની ટીમે સારવાર હાથ ધરી હતી.

લગભગ ત્રણથી ચાર કલાકની જહેમત બાદ સર્જરી કરીને 6 બાય 5 સેન્ટિમીટરની ગાંઠ દૂર કરવામાં આવી હતી. ગાંઠને સમયસર દૂર કરવામાં ન આવી હોત તો તે ધીમે ધીમે વધી જડબાની સાઈનસ સુધી પહોંચી શકતી હતી અને આંખની નજીક સુધી વિસ્તરવાની શક્યતા હતી. આવી સ્થિતિમાં જમણી આંખને અસર થવાની સાથે નાકનો માર્ગ બંધ થવાથી શ્વાસ લેવામાં પણ તકલીફ ઊભી થઈ શકતી હતી.

## અડાજણમાં વૃદ્ધને પછાડીને રૂ.3,૭૫ લાખની લૂંટ

સુરતઃ અડાજણ પાલનપુર જકાતનાકા પાસે આવેલા મંગલદીપ એપાર્ટમેન્ટમાં રહેતા વિષ્ણુભાઈ ખાનચંદ મગનાની (ઉ.વ.૭૬)સાડીના વેપારી છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈ તા. ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ તેઓ અને તેમનો પુત્ર કલ્પેશ દુકાને હાજર હતા. નવા ખરીદ કરેલા મકાનના અવેજ પેટે નાણાં ચૂકવવાના હોવાથી તેમણે મુંબઈ ખાતે રહેતા જમાઈ પાસેથી રૂ. ૨,૦૦,૦૦૦ આંગડિયા મારફતે મંગાવ્યા હતા. રાત્રે આશરે દશેક વાગ્યે વેપારી વિષ્ણુભાઈ દુકાન બંધ કરી કુલ રૂ. ૩,૭૫,૦૦૦ રોકડા, થેલીમાં મૂકીને ચાલતા ઘરે જવા નીકળ્યા હતા. રાત્રિના આશરે સાડા દશેક વાગ્યાના અરસામાં તેઓ પોતાના મંગલદીપ એપાર્ટમેન્ટના એચ-બિલ્ડિંગમાં બીજા માળે ફ્લેટ નં. ૧૦૭ ની સામે દાદર ચડી રહ્યા હતા, ત્યારે પાછળથી અચાનક આવેલ એક અજાણ્યા શખ્સે તેમના હાથમાંથી રોકડ ભરેલી થેલી ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. થેલીની દોરી હાથમાં વીંટાળેલી હોવાથી વૃદ્ધ વેપારી નીચે પછડાયા હતા, છતાં લૂંટારૂએ બળજબરીથી થેલી ખેંચી લીધી હતી અને અંધારાનો લાભ ઉઠાવી ભાગી છૂટ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### SCOBA એવોર્ડ્સમાં 'ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક'નો દબદબો




સુરતઃ દક્ષિણ ગુજરાતની અગ્રણી અને વિશ્વાસપાત્ર સહકારી બેંક 'ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.' એ સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેંક્સ એસોસિએશન (SCOBA) દ્વારા આયોજિત એવોર્ડ્સમાં 'વેરી લાર્જ બેંક' કેટેગરી (રૂ. ૨,૦૦૧ કરોડથી વધુનું કુલ બિઝનેસ ટર્નઓવર) માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શ્રેષ્ઠ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. બેંકે ફાઇનાન્શિયલ સ્ટેબિલિટી મામે એવોર્ડ મેળવ્યો છે. બેંકના મજબૂત બેલેન્સ શીટ, ઉત્કૃષ્ટ નાણાકીય સ્થિરતા અને પારદર્શક સંચાલન માટે આ શ્રેષ્ઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. બેંકના ઝડપી વ્યવસાયિક વિકાસ અને શાખા વિસ્તરણ માટે આ સન્માન મળ્યું છે.

### ગણપત યુનિવર્સિટીમાં રિસર્ચ કોન્ક્લેવ-2026 યોજાયું

અમદાવાદ : ગણપત યુનિવર્સિટીના ગુની સેન્ટર ફોર એડવાન્સ્ડ રિસર્ચ સ્ટડીઝ (GUNI CARS) દ્વારા તાજેતરમાં જ 'રિસર્ચ કોન્ક્લેવ-2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'શેપિંગ ધ ફ્યુચર થ્રુ રિસર્ચ એન્ડ ઇનોવેશન' થીમ હેઠળ યોજાયેલા આ બે દિવસીય કાર્યક્રમમાં કુલ 2,965 લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના ગ્રુપ પ્રો-ચાન્સેલર ડો. મહેન્દ્ર શર્મા, પ્રમુખ અને પેટ્રન-ઇન-ચીફ ગણપત આઇ. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'યુનિવર્સિટી જર્નલ ઓફ રિસર્ચ'નું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

### શનિવારે ઉધના ગામમાં કોમી એકતાના ભાગરૂપે માતાજીના ગરબાનું આયોજન

સુરતઃ કુલીબેન એન્ડ ઝેહરા સાયકલવાલા ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી ભીડભંજન મહાદેવ એન્ડ સૈયરકાકા મંદિર ધર્મશાળાના મહંત જયેશભાઈ ભટ્ટ તરફથી કોમી એકતાના ભાગરૂપે માતાજીના ગરબાનો કાર્યક્રમ તા. ૧૭/૧૦/૨૦૨૬, શનિવારના રોજ શ્રી ભીડભંજન મહાદેવ ધર્મશાળાના હોલમાં, પટેલ ફળિયું, ઉધના ગામ, સુમિત હોસ્પિટલની ગલીમાં, ઉધના, સાંજે ૫.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. જેમાં પધારવા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની અંડર 14 ક્રિકેટ પસંદગી નેટ યોજાશે

સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની અખબારી યાદીમાં ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈ જણાવે છે કે ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જિલ્લા અંડર-૧૪ બોયઝ ક્રિકેટ ટુર્નામેન્ટની તૈયારી રૂપે સુરત જિલ્લાની અંડર-૧૪ બોયઝ ક્રિકેટ ટીમની પસંદગી માટે શનિવાર, તારીખ ૧૭ ઓક્ટોબર,૨૦૨૬ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર સવારે ૭:૦૦ વાગ્યે પસંદગી નેટ માટે હાજર થવું. તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૧૨થી ૩૧ ઓગસ્ટ૨૦૧૪ વચ્ચે જન્મેલા ખેલાડીઓ જ આ પસંદગી નેટમાં ભાગ લઈ શકશે. રસ ધરાવનાર ખેલાડીઓએ ક્રિકેટ કિટ સાથે સફેદ ગણવેશમાં જન્મ તારીખનાં પુરાવા સાથે અંડર-૧૪ ટીમ કોચ મિતુલ પટેલનો સંપર્ક કરવો.

### જી. ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત ખાતે કોર્પોરેટ ક્વિઝ સ્પર્ધાનું આયોજન



સુરતઃ જી. ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત ખાતે શનિવાર, 10 ઑક્ટોબરના રોજ રોમાંચક અને જ્ઞાનવર્ધક કોર્પોરેટ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો પ્રારંભિક રાઉન્ડ શાળામાં ધોરણ 11 અને 12ના કોમર્સ, સાયન્સ અને હ્યુમેનિટીઝ વિભાગના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવ્યો હતો. આ રાઉન્ડમાંથી કુલ 16 વિદ્યાર્થીની અંતિમ રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રણવ ગોનાવાલા, જી. ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતના એકાઉન્ટ્સ ઓફિસર અને લીગલ હેડ, વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડો. શિલ્પા સૂર્યા, એસોસિએટ એકેડેમિક ડિરેક્ટર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન બિલાલ ફયાઝ (હાયર સેક્શન ડીન તેમજ HOD કોમર્સ) અને બિની ગાંધી (PGT ઈકોનોમિક્સ)એ કર્યું હતું. કાર્યક્રમના અંતે ક્રિશા પટાણી (પીજીટી અર્થશાસ્ત્ર)એ આભારવિધિ કરી હતી.

## નયન સુખડવાલાનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી રૂપિયાની માંગણી

સુરતઃ સુરતના મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ અજાણ્યાએ ફરી બનાવ્યું હોવાનું સામે આવ્યું છે. અગાઉ પણ તેમના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવીને અજાણ્યા વ્યકિતએ તેમના નામે મિત્રવર્તુળ અને અન્ય વકીલોને મેસેજ મોકલી તાત્કાલિક નાણાંની જરૂરિયાત હોવાનું બહાનું બતાવી ઓનલાઈન નાણાંની માંગણી કરી હતી તેમજ ફર્નિચર વેચવામાં બહાને પૈસા મંગાયા હતા. હવે આજે ફરી ફેક એકાઉન્ટ બનાવ્યાંનું હોવાનું સામે આવતાં સોશિયલ મીડિયા પર સક્રિય લોકોમાં ચિંતા વ્યાપી ગઈ છે. અગાઉની ઘટનામાં અજાણ્યા વ્યકિતએ નયન સુખડવાલાની ઓળખનો દુરુપયોગ કરીને તેમના પરિચિતોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. તેમના નામે પૈસાની માંગણી કરતાં મેસેજ મોકલવામાં આવતા હોવાથી કોઈ વ્યક્તિ છેતરપિંડીનો ભોગ બની શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી.

## સ્પીકર ધીમું કરવાનું કહેતાં વૃદ્ધની હથોડીના ઘા ઝીંકી હત્યા

**ભટલાઈ ગામમાં- બચાવવા વચ્ચે પડેલા યુવકને પણ હથોડીના ઘા માર્યા**

**પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી**

સુરતઃ ચોર્યાસી તાલુકાના ભટલાઈ ગામમાં રૂમમાં મોટેથી ગીતો વગાડતા ત્રણ યુવકને સ્પીકરનો અવાજ ધીમો કરવાનું કહેવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી બાદ ૭૧ વર્ષીય વૃદ્ધની હથોડીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. હત્યા કર્યા બાદ રૂમને બહારથી તાળું મારી ફરાર થયેલા પશ્ચિમ બંગાળના ત્રણેય આરોપીઓને ઈચ્છાપોર પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે.

પોલીસની વિગતો મુજબ, ભટલાઈ ગામના પટેલ ફળિયામાં આવેલી તરૂણભાઈ પટેલની કોલોનીના પ્રથમ માળે રૂમ નં. ૧૩માં પશ્ચિમ બંગાળના સુવેન્દુ ગણેશ, શંકરસિંગ સિબુસિંગ અને સંતુ ઉર્ફે સુપ્રિયો કોનાગા ભાડેથી રહેતા હતા. ગત ૧૪ ઓક્ટોબરના રોજ બપોરે ત્રણેય રૂમમાં સ્પીકર પર મોટા અવાજે ગીતો વગાડતા હતા. આથી નિવૃત્ત જીવન ગાળતા ૭૧ વર્ષીય નગીનભાઈ વનમાળીભાઈ પટેલ તેમને અવાજ ધીમો રાખવાનું કહેવા ગયા હતા. જોકે, આ સામાન્ય બાબતે ત્રણેય ઉશ્કેરાઈ ગયા હતા અને વૃદ્ધ સાથે ઉગ્ર બોલાચાલી કરવા લાગ્યા હતા. બોલાચાલી ઉગ્ર બનતાં શંકરસિંગ અને સુપ્રિયોએ નગીનભાઈને પકડી રાખ્યા હતા, જ્યારે સુવેન્દુએ રૂમમાં પડેલી હથોડી વડે તેમના માથાના પાછળના ભાગે અને કપાળ પર જીવલેણ ઘા ઝીંક્યા હતા. ગંભીર ઈજાઓને કારણે નગીનભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. દરમિયાન વૃદ્ધને બચાવવા વચ્ચે પડેલા પ્રબીર કુલ્ડી નામના યુવક પર પણ સુવેન્દુએ હથોડીથી હુમલો કર્યો હતો.

## ઉંબેરની સાઈટ સુધી કચરાનાં વાહનો પહોંચાડવા માટે બે રસ્તા બનાવાશે

**75 ટન વજનનાં કચરાનાં વાહનોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન તૈયાર**

**રિટેઈનિંગ વોલ, સ્ટ્રોમ ડ્રેનેજ, બોક્સ કલ્વર્ટ અને સ્ટ્રીટલાઇટ સહિતની સુવિધાઓ ઊભી કરાશે**

### ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા નિવારવા ખાસ જોગવાઈ

બંને રસ્તા નીચાણવાળા વિસ્તારમાંથી પસાર થતા હોવાથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા સર્જાવાની શક્યતા ધ્યાનમાં રાખીને રિટેઈનિંગ વોલ અને પાણીના નિકાલ માટે ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચરની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત સ્ટ્રોમ ડ્રેનેજ, બોક્સ કલ્વર્ટ, ક્રેશ બેરિયર, ગાર્ડ રેલિંગ અને સ્ટ્રીટલાઇટની સુવિધાઓ પણ ઊભી કરાશે. રસ્તા સાથે પાણીની લાઇન, ગટરલાઇન અને સ્ટ્રોમ લાઇનની કામગીરી પણ પ્રગતિ હેઠળ હોવાનું દરખાસ્તમાં જણાવાયું છે.

સુરતઃ મહાનગરપાલિકા દ્વારા ઉંબેર ખાતે આકાર લઈ રહેલા સોલિડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ સુધી કચરાનાં ભારે વાહનો સરળતાથી પહોંચી શકે એ માટે બે રસ્તા બનાવવાની તૈયારી કરવામાં આવી છે. સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 33 (તલંગપુર-ઉંબેર) હેઠળ 24 મીટર અને 36 મીટર પહોળાઈના રસ્તાઓ બનાવવા માટે રૂ. 37.29 કરોડનો ગ્રોસ અંદાજ તૈયાર કરાયો છે. રસ્તાની સાથે રિટેઈનિંગ વોલ, સ્ટ્રોમ ડ્રેનેજ, બોક્સ કલ્વર્ટ, ફૂટપાથ, ક્રેશ બેરિયર, ગાર્ડ રેલિંગ અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ પણ ઊભી કરાશે. આ દરખાસ્ત જાહેર બાંધકામ સમિતિ મારફતે સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. આગામી જાન્યુઆરીથી આ સાઈટ કાર્યરત કરવાના લક્ષ્યાંક સાથે અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની કવાયતે જોર પકડ્યું છે.

પ્લાન્ટ સુધી કચરો પહોંચાડવા માટે રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (RTS)નાં વાહનોની અવરજવર થવાની છે. આ વાહનોનું વજન અંદાજે 70થી 75 મેટ્રિક ટન રહેતું હોવાથી રસ્તાની ડિઝાઈન ઓછામાં ઓછા 75 ટનનો ભાર સહન કરી શકે એ રીતે તૈયાર કરવામાં આવી છે. આમ, ભારે વાહનોની અવરજવરને ધ્યાનમાં રાખીને રસ્તાના બાંધકામમાં મજબૂતાઈ અને લાંબા ગાળાની ટકાઉ ક્ષમતા પર ભાર મૂકવામાં આવ્યો છે. એસ.વી.એન.આઈ.ટી., સુરત દ્વારા તૈયાર કરાયેલા અંદાજ મુજબ 24 મીટર પહોળાઈના 1,332.30 મીટર લાંબા રસ્તા માટે રૂ.17.14 કરોડનો ખર્ચ થશે. જ્યારે 36 મીટર પહોળાઈના 402.17 મીટર લાંબા રસ્તા માટે રૂ.12.36 કરોડનો અંદાજ છે. બંને રસ્તાના બાંધકામનો કુલ અંદાજ રૂ.29.51 કરોડ થાય છે. તેમાં બિટુમિનસ કાર્પેટિંગ, ફૂટપાથ, જિયો સિન્થેટિક મટિરિયલ સહિતની કામગીરીનો સમાવેશ થાય છે.

## પાલમાં ૮ ફેબ્રુઆરીએ સામૂહિક દીક્ષા મહોત્સવ

**મશહૂર જૈનાચાર્ય યોગતિલકસૂરીશ્વરજીની વાણીથી વૈરાગી બનેલા ૨૦ મુમુક્ષુઓને પૂનામાં મુહૂર્ત અપાયાં**

સુરતઃ સુરત મધ્યે દીક્ષા ધર્મના મહાનાયક ગુરુયોગના આલંબને ઐતિહાસિક ૪૫ દીક્ષા- ૩૬-૧૮-૭૪ બાદ ફરી એકવાર સામૂહિક દીક્ષા મહામહોત્સવ ફેબ્રુઆરીમાં યોજાશે. જેમાં શ્રી શાંતિ વર્ધક જૈન સંઘના બેનમૂન જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા, ઉપધાનની માળા તથા સામૂહિક દીક્ષાઓનો ત્રિવેણી આનંદ સંગમ થશે.

જેમાં થનારી સામૂહિક દીક્ષામાં ૬ ભાઈ તથા ૧૪ બહેનને બુધવારના પૂના ખાતે અનેક સામૂહિક દીક્ષાના પ્રેરણા પુંજ મશહૂર જૈનાચાર્ય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાએ મુહૂર્ત અપાયા. આગામી ૮ ફેબ્રુઆરીએ દીક્ષા અપાશે. એમાં સુરતના ૨ ભાઈ તથા ૬ બહેન છે. ધનાઢ્ય વેપારીનો ૨૫ વરસનો એકનો એક યુવાન વેપારી પુત્ર મિતકુમાર છે. તો પરિવારના ૪ સભ્ય સાથે ઘરને તાળું મારી દીક્ષા લેતાં મોડલ ટાઉનના દિલીપભાઈ છે. તીર્થગામની બે સગી બહેનો હીરકુમારી તથા મૈત્રીકુમારી છે, તો લુદ્રાની રિચાકુમારી છે. ગુરુયોગની વાણીથી દીક્ષા લેતાં આ ૨૦ મુમુક્ષુમાં ૧૪ Gen Zના છે.

**આજે વિશ્વ એનેસ્થેસિયા દિવસ** ભારતમાં દર એક લાખની વસ્તીએ ચાર એનેસ્થેસિયા પ્રદાતાઓની જરૂરિયાત

## સુરતમાં એનેસ્થેસિયાના માત્ર 350 નિષ્ણાતો!

**વર્ષે અંદાજે 3 લાખ દર્દીઓની સર્જરીમાં મહત્ત્વની ભૂમિકા**

**ઓપરેશન થિયેટરથી આઈસીયુ અને ઇમરજન્સી સુધીના દર્દીની સલામતીની જવાબદારી**

સુરત : હીરા અને કાપડ ઉદ્યોગની સાથે તબીબી સેવાઓમાં પણ ઝડપથી આગળ વધી રહેલા સુરત શહેરમાં વધતી વસ્તી સામે નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા મહત્ત્વનો મુદ્દો બની રહી છે. શહેર અને આસપાસના વિસ્તારોની અંદાજિત 70થી 80 લાખની વસ્તી સામે સુરતમાં આશરે 350 એનેસ્થેસિયોલોજિસ્ટ કાર્યરત હોવાનું જાણવા મળે છે. બીજી તરફ, શહેરમાં વર્ષે અંદાજે ત્રણ લાખ દર્દીઓને એનેસ્થેસિયા આપીને નાની-મોટી શસ્ત્રક્રિયાઓ કરવામાં આવે છે. 16 ઑક્ટોબરે વિશ્વ એનેસ્થેસિયા દિવસ નિમિત્તે દર્દીની પીડા ઘટાડવા અને સર્જરીને સુરક્ષિત બનાવવામાં આ નિષ્ણાતોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ઉજાગર થઈ છે.



સામાન્ય ભાષામાં એનેસ્થેસિયાના તબીબોને 'શીશીવાળા ડોક્ટર' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેમની કામગીરી માત્ર દર્દીને બેભાન કરવા પૂરતી મર્યાદિત નથી. સર્જરી પહેલાં દર્દીની તબીબી સ્થિતિનું મૂલ્યાંકન કરવાથી લઈને ઓપરેશન દરમિયાન શ્વાસ, હૃદયના ધબકારા, બ્લડપ્રેશર અને લોહીમાં ઓક્સિજનના સ્તરનું સતત મોનિટરિંગ કરવાની જવાબદારી તેઓ નિભાવે છે. સર્જરી પછીના દુખાવાના નિયંત્રણમાં પણ તેમની ભૂમિકા મહત્ત્વની છે. સુરત મેડિકલ કન્સલ્ટન્ટ્સ એસોસિયેશનનાં સેક્રેટરી ડો. હિરલ શાહના જણાવ્યા અનુસાર, સુરતમાં નવી સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ, નર્સિંગ હોમ અને ખાનગી હોસ્પિટલોમાં એનેસ્થેસિયોલોજિસ્ટ વિવિધ પ્રકારની સર્જરીમાં સેવા આપે છે. તેમણે જણાવ્યું કે પીડામુક્ત શસ્ત્રક્રિયા, સુરક્ષિત સારવાર અને દર્દીની સલામતી એનેસ્થેસિયા વિજ્ઞાનની અમૂલ્ય ભેટ છે. યોગ્ય પૂર્વમૂલ્યાંકન, નિષ્ણાત ટીમ અને સતત દેખરેખથી જોખમ ઘટાડવામાં મદદ મળે છે. ભારતમાં દર એક લાખની વસ્તીએ ઓછામાં ઓછા ચાર એનેસ્થેસિયા પ્રદાતાઓની જરૂરિયાતનો ઉલ્લેખ એક સંશોધન લેખમાં કરવામાં આવ્યો છે. આ સંદર્ભે સુરતની વસ્તી સામે નિષ્ણાતોની સંખ્યા અને તેમના વિતરણની સમીક્ષા જરૂરી બને છે. જોકે, આ આંકડો ફરજિયાત કાયદાકીય ધોરણ નથી.